## હા... સાહેબ !

"અરે, ભગવાન, મુંબઈમાં અનરાધાર, દક્ષિણમાં મુશળધાર, સૌરાષ્ટ્રમાં ધોધમાર અને અહીંયા જ કોરાધાકોર... હવે પધારો, મેઘરાજા પધારો."

"હા... સાહેબ, તમારી ચિંતા એકદમ વ્યાજબી છે. હવે તો બે હાથ જોડીને વિનવણી કરીએ છીએ કે વિલંબ ના કરો ભગવાન. એમ જ ને..."

"હા... હા... એમ જ, મુંબઈમાં પૂરની સ્થિતિ અને અહીં છાંટાની સ્થિતિ એટલે ચિંતા થાય છે. વાવણી માટે ખેતરો રાહ જુએ છે. ખેડૂતો ચિંતામાં ડૂબ્યા છે."

"હા... સાહેબ, આવી જશે. આજ સાંજ સુધી કે કાલ સવાર સુધીમાં ધોધમાર આવશે."

"અરે વાહ..! તમે તો હવે હવામાનશાસ્ત્રી પણ બની ગયા."

"હુ નથી હવામાનશાસ્ત્રી કે નથી જ્યોતિષ, પણ મીડિયામાં જે આવે એની પરથી ધારણાં બાંધુ છુ કે એકાદ દિવસમાં આવી જશે."

"સરસ... સરસ... પણ એક વાત કહું દર વખતે અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા વિસ્તારમાં જ વરસાદ રાહ જોવડાવે છે એવુ કેમ બને છે તે સમજાતુ નથી."

"હં... તમને રાજકારણ જેવા જ વિચારો આવે છે. અહીં વ્હાલાં દવલાંની નીતિ ના હોય."

"હા... સાહેબ, સમજી ગયો. બધી માથાકૂટ અહીંયા જ છે. દેશથી ઘર સુધી ગમા અણગમાના આટાપાટા પાર કરવા પડે છે."

"તમે જુઓને, ચારે તરફ ખેંચમતાણ છે. ક્યાંક સરહદ ઉપર લડાઈ છે, ક્યાંક વેપારની લડાઈ છે, દેશ-દેશ વચ્ચે લડાઈ છે, ધર્મ અને સંપ્રદાયો વચ્ચે લડાઈ છે, નાતજાત વચ્ચે લડાઈ છે, અરે ગામ-ગામ વચ્ચે અને કુટુંબ-કુટુંબ વચ્ચે..."

"હમ...હમ... સમજાય એવુ બોલો."

"આ લડાઈના મૂળમાં ગમા અણગમા છે, સ્પર્ધાનો ભાવ છે, ઈર્ષ્યા અને અદેખાઈ છે, વેરઝેરની ભાવનાઓ છે અને એટલે જ..."

"સાહેબ, હું મોટો, હું જ સમજુ, મને જ ખબર પડે, મને જ બધા પૂછે, આ ગુરૂતાગ્રંથી પણ ઓછી ભાગ નથી ભજવતી હો."

"ઓ હો...હો... તમે તો છેક મૂળ સુધી પહોંચ્યા."

"રોગ કાઢવો હોય તો મૂળ સુધી જ પહોંચવુ પડે ને. આપણે ક્યાં રાજકારણીઓની જેમ થીંગડા મારવા છે."

"...પણ મૂળ વાત એ છે કે વ્યક્તિગત સમજણ જો આપણે કેળવી શકીએ તો મોટાભાગના પ્રશ્નો આપોઆપ ઉકેલાઈ જાય છે."

"એટલે, કઈ સમજણ..?"

"દરેક વ્યક્તિ એવુ સમજે કે જીવનના રંગમંચ પર મારે જે ભૂમિકા અદા કરવાની છે તે હું પ્રામાણિક રીતે ભજવીશ. હું મારી જીવનનિષ્ઠાને પ્રેમ કરૂ છુ. મારી ગરીબી કે અમીરી મારી જીવનગતિ માટે અવરોધક નથી. મારાથી થઈ શકશે તો કોઈકને ઉપયોગી થઈશ. પરંતુ કોઈને પણ નડીશ તો નહીં જ..."

"અરે, શું વાત કરો છો. તમે તો જીવન સત્ય બોલી રહ્યાં છો. જાણે આપણા વેદ અને ઉપનિષદોનો સાર બોલતા હોવ એવુ લાગે છે."

"અરે ભાઈ, જે આપણને જીવન જીવતા શીખવે એ જ આપણો ઉપનિષદ અને એ જ આપણો વેદ. એ જ આપણી સંસ્કૃતિ એને જીવનનું સત્ય કહીએ કે સત્વ, પણ હકીકત આ છે."

● અનુસંધાન પાન-૭ પર


વહેલી સવારે વરસાદી છાંટણા...

# તાલુકા પંચાયત પ્રમુખની ચેમ્બરમાં રાષ્ટ્રપિતા અને રાષ્ટ્રપતિના ફોટા નથી

**પંચાયત પ્રમુખની ખુરશી ઉપર પ્રમુખશ્રીનો લેમિનેટેડ ફોટો મુકાયો છે**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખની ચેમ્બરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિદનો ફોટો જ નથી. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલનો ફોટો છે અને ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ફોટો પણ છે.

ઓફિસ માટે ફોટા લગાવવા હોય તો તેનો પ્રોટોકોલ છે અને તેમાં રાષ્ટ્રપિતા અને રાષ્ટ્રપતિનો ફોટો ઉપરાંત પ્રધાનમંત્રીના ફોટા લગાવવાના હોય છે.

આ ઓફિસમાં પ્રમુખશ્રીની ખુરશી પર પ્રમુખશ્રીનો લેમિનેટેડ ફોટો મુકવામાં આવ્યો છે. પણ રાષ્ટ્રપતિ, રાષ્ટ્રપિતાની તસવીરો નથી જ્યારે સાઈડમાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ફોટો લગાડાયો છે.

આજે આ બાબત રાજકીય કાર્યકરોમાં ચર્ચાનો મુદ્દો બની હતી. જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયતમાં જ ફોટો પ્રોટોકોલનો ભંગ એ મુદ્દો આગામી સામાન્ય સભામાં પણ લાવવામાં આવે તેવી વાતો સાંભળવા મળી હતી.

# તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન પદે રસિકભાઈ ઠાકોર

## સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે પ્રકાશ વાણિયા નિમાયા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતના કારોબારી સમિતિ તથા સામાજિક ન્યાય સમિતિના ચેરમેનોની ચૂંટણી માટે આજ રોજ સવારે ૧૧ કલાકે તાલુકા પંચાયત કચેરી, ગાંધીનગર ખાતે મીટીંગ યોજાઈ હતી.

સદર મીટીંગમાં કારોબારી સમિતિના ચેરમેનની નિમણુક કરવા માટે કારોબારી સમિતિના નવ સભ્યો ઉપસ્થિત હતા. તે સદસ્યો પૈકી રાધેજાની બેઠક પરથી ચૂંટાયેલા અને જીલ્લા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અરજણજી ઠાકોરના સુપુત્ર રસિકભાઈ ઠાકોર સર્વાનુમતે કારોબારી સમિતિના ચેરમેન પદે ચૂંટાઈ આવ્યા હતા. તદ્દુપરાંત સામાજિક ન્યાય સમિતિના ઉપસ્થિત પાંચ સદસ્યો પૈકી ભાટ બેઠક પરથી ચૂંટાયેલ અને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના વર્ષોથી સક્રિય કાર્યકર એવા પ્રકાશકુમાર વાણીયા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પદે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા. ઉપરોક્ત બન્ને સમિતિના ચેરમેનો આવતીકાલે સવારે ૧૧ કલાકે તાલુકા અને જીલ્લા કોંગ્રેસના આગેવાનોની હાજરીમાં પદ ગ્રહણ કરનાર હોઈ સમગ્ર ગાંધીનગર તાલુકામાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોને પદ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસની બહુમતિ હોવા છતાં ભાજપના પ્રમુખ, ઉપપ્રમુખ ચૂંટાયા હતા. ચૂંટણી સમયે ગેરહાજર રહેનાર ૬ સદસ્ય પુનઃ હાજર રહેતા બંને મહત્વની સમિતિઓમાં કોંગ્રેસના સભ્યો નિમાયા હતા. આમ તાલુકા પંચાયત સતત વિવાદમાં જ રહી છે.

## કારોબારી સમિતિના સભ્યપદેથી કુબેરજી ગોલે રાજીનામું આપ્યું

### તા.પં. કોંગ્રેસમાં આંતરિક ડખ્ખો શમવાનું નામ નથી લેતો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતના કોંગ્રેસમાં લાગેલી અસંતોષની આગ બુઝાવાનું નામ લેતી નથી. કારોબારી સમિતિના ચેરમેન તરીકે રસિકભાઈ ઠાકોરની પસંદગી કરાતા કારોબારી સમિતિના સભયપદેથી ચેરમેનના પ્રબળ દાવેદાર કુબેરજી ગોલે રાજીનામું આપી દીધું છે.

કોંગ્રેસના નેતાઓ માને છે કે બધુ સારું અને સરખું થઈ જશે. ગોલને મનાવવા માટેના ચક્રો ગતિમાન કરાયા હોવાનું પણ કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કુબેરજી ગોલને પંચાયત પક્ષના નેતા તરીકેનું પદ આપવાની ઓફર સાથે સમાધાનના ચક્રો ગતિમાન કરાયા છે. જો કે નારાજ થયેલા કુબેરજી ગોલ આજે ભાજપના કેટલાક આગેવાનોના સંપર્કમાં હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં અગાઉ પ્રમુખની પસંદગીને લઈ ૬ સભ્યો નારાજ થયા હતા અને ગેરહાજર રહ્યા હતા. હવે પક્ષના સિનીયર તેમજ ઘડાયેલા અગ્રણી કુબેરજી ગોલ નારાજ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

**વોલ્વો રૂટની નવી બસો શરૂ કરવાની સાથે**

# દરરોજની બસ સેવામાં કાપ : મુસાફરોમાં રોષ

## રાજકોટની વોલ્વો બસ શરૂ કરાયા બાદ રોજ દોડતી બસ સેવા બંધ કરી દેવાઇ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર થી અન્ય શહેરોને જોડતી બસ સેવા માટે નવા રૂટો શરૂ કરવામાં આવે છે. થોડા સમય અગાઉ જ સુરત તેમજ રાજકોટ રૂટની વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે. પરંતુ વોલ્વો બસ સેવા શરૂ કરાયા બાદ આ રૂટોમાં દોડતી એસ ટી બસ બંધ કરવાની નીતિ સામે મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે. અઠવાડીયામાં ત્રણ દિવસ માટે વોલ્વો બસ શરૂ કરવામાં આવી છે.જયારે રોજ રાજકોટ રૂટમાં દોડતી એસ ટી બસ પણ બંધ કરી દેવામાં આવતા મુસાફરોમાં રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાંથી શહેરી બસ સેવાનુ સંચાલન કરવામાં આવે છે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા ઉપરાંત અન્ય શહેરોને જોડતી નવી બસ સેવા પણ શરૂ કરવામાં આવી રહી છે. પાટનગર હોવાના નાતે અન્ય બહારના શહેરોમાંથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોવાથી શહેરી બસ સેવા ઉપરાંત અન્ય મોટા શહેરોને જોડતી નવી બસના રૂટ શરૂ કરવા માટે પણ અવારનવાર માંગ ઉઠવા પામે છે. જેને અનુલક્ષીને એસ ટી ડેપો દ્વારા અગાઉ ગાંધીનગર રાજકોટ રૂટમાં બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જયારે આ બસ સેવા થોડો સમય બંધ કરી દેવાયા બાદ પુન : અઠવાડીયામાં ત્રણ દિવસ આ વોલ્વો બસ શરૂ કરવામાં આવતા મુસાફરોમાં રાહતની લાગણી વ્યાપી હતી. પરંતુ એસ ટી તંત્ર દ્વારા રાજકોટ રૂટમાં રોજ દોડતી સવારની બસ બંધ કરી દેવાતા મુસાફરો અટવાયા છે. જેના લીધે પ્રતિદિન મળતી બસ સેવા

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૩માંથી ૨૪ અને સે. ૩૦માંથી ૧૨ કેસ સાથે તાવના વધુ ૫૯ કેસ મળ્યા

## શહેરમાં બે દિવસ દરમ્યાન તાવના ૧૪૦ કેસ અને ૬૬૯ સ્થાનોએથી મચ્છરના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં બે દિવસમાં જ ૧૪૦ જેટલા તાવના દર્દીઓ મળી આવ્યા છે. શહેરી મેલેરિયા તંત્ર દ્વારા શરૂ થયેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજે બીજા દિવસે તાવના વધુ ૫૯ કેસ મળી આવ્યા છે.

તાવના મળી આવેલા આ કેસોમાં સે. ૩માં ૨૪, સે. ૩૦માંથી ૧૨, સે. ૬માંથી ૫, સે. ૨૬માંથી ૬ કેસ તો સે. ૨માંથી ૨ અને સે. ૫માંથી ૩ કેસ મળી આવ્યા છે.

તંત્રની ટીમો દ્વારા આજે મળી આવેલા આ કેસોના તમામ દર્દીઓના લોહીના નમૂના લઈ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ છે.

હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના આજે બીજા દિવસે ૩૧૦ સ્થાનો પરથી એડીસ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. આમ છેલ્લા બે દિવસમાં જ ૬૬૯ જેટલા સ્થાનો પરથી મચ્છરના પોરા મળી આવ્યા છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે મળી આવેલા મચ્છરોના બ્રિડીંગ સ્થાનો પર તાકીદે પોરાનાશક કામગીરી તંત્રની ટીમો દ્વારા કરવામાં આવી હતી.

આજે ટીમો દ્વારા ૧૨,૨૫૫ જેટલા મકાનોને સર્વેલન્સમાં આવરી લેવામાં આવ્યા હતા અને ૨૪,૯૯૦ જેટલા પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી.

શહેરી મેલેરિયા તંત્રના ૮૦થી વધુ કર્મયોગીઓ સર્વેલન્સની કામગીરી કરી રહ્યા છે. શહેરમાંથી ગઈકાલે ૮૧ તાવના કેસ મળી આવ્યા હતા. સે. ૩૦ જે ડેન્ગ્યુના કેસો માટે સંવેદનશીલ ગણાય છે ત્યાંથી આજે તાવના ૧૨ કેસ મળી આવેલ છે.


શહેરમાં નાગરિકોને પરેશાન કરવા રખડતા ઢોરો જાહેર માર્ગો પર...

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૦૫૯ સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવાના હેતુસર હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં આજે બીજા દિવસે ૧૦૫૩ સ્થાનોએથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા.

છેલ્લા બે દિવસથી જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરાયેલ આ સર્વેલન્સમાં બે દિવસ દરમ્યાન જ ૨૭૩૭ જેટલા સ્થાનો પરથી મચ્છરના બ્રિડીંગ મળી આવ્યા છે.

તંત્રની ટીમો દ્વારા આ વિસ્તારોમાં તાકીદે એન્ટી લારવેલ અને પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

તંત્રની ટીમો દ્વારા આજે બીજે દિવસે તાવના વધુ ૪૧૩ કેસ શોધી

● અનુસંધાન પાન-૭ પર

**રથયાત્રામાં મુકબધિર બાળકો**

# બાળ ગણેશ અને બાળકૃષ્ણની વેશભૂષામાં જોવા મળશે

## સે-૨૯ જલારામ ધામ ખાતે બાળકો ગુલાલ અને ઢોલ નગારા સાથે રથયાત્રાનુ સ્વાગત કરશે

ગાંધીનગર તા ૧૦

શહેરમાં રથયાત્રાને અનુલક્ષી ભાવિકોમાં વિશેષ ઉત્સાહની લાગણી વ્યાપી છે. રથયાત્રામાં હાથી , ઘોડા અને કલાત્મક બગી સાથે ૭૫ થી વધુ વાહનો જોડાશે. જયારે રથયાત્રા દરમિયાન નગરના મુકબધિર બાળકો પણ બાળકૃષ્ણ, બાળ ગણેશ , મીરા અને રાધા જેવા પાત્રોના વેશમાં સજ્જ થઈ આકર્ષણ વધારશે. ભગવાનના મોસાળામાં પણ આ બાળકો ઢોલ નગારા સાથે રથયાત્રાનુ સ્વાગત કરશે.

આગામી ૧૪ જુલાઈના રોજ ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાને અનુલક્ષી ભાવિકોમાં ઉત્સાહ જોવા મળી રહયો છે. રથયાત્રા મહાત્સવની ઉજવણીને વધુ ભવ્ય બનાવવા માટે તડામાર તૈયારીઓ પણ હાથ ધરવામાં આવી છે. રથયાત્રાનુ સેકટરોમાં ભવ્ય સ્વાગત કરવા માટે નગરજનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. સેકટરવાસીઓ ઉપરાંત વેપારીઓ , સામાજિક સંસ્થાઓ સહીત વિવિધ ધાર્મિક સંસ્થાઓ દ્વારા પણ ભગવાન જગન્નાથજીના હેતે ઓવારણા લેવા તૈયારીઓ કરી દેવામાં આવી છે. શહેરમાં દાયકાઓથી નિકળતી ભગવાન જગન્નાથજીની ૩૧ કી મી ના રૂટમાં આગળ વધતી રથયાત્રામાં હાથી , ઘોડા ,બગી અને ભજનમંડળી સહીત અનેક આકર્ષણો જોવા મળશે. રથયાત્રાના સ્વાગત તેમજ શ્રધ્ધાળુઓ માટે ઠેર ઠેર ચા નાસ્તા પાણી અને છાશ વિતરણનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આગામી રથયાત્રામાં મુકબધિર બાળકો પણ વિવિધ વેશભુષામાં સજ્જ જોવા મળશે. રથયાત્રા દરમિયાન સહયોગ સેવા

● અનુસંધાન પાન-૭ પર


જાહેર આમંત્રણ

અતિ પ્રાચીન અને પૌરાણિક સ્થળ નૈમિષારણ્યની પાવન ભૂમિ પર

શ્રીમદ્ ભાગવત્ કથા

યાત્રા પ્રારંભ : તા. ૩૧-૧૨-૨૦૧૮ યાત્રા વિરામ : ૧૩-૧-૨૦૧૯

: વક્તા :
પ.પૂ. શ્રી કનૈયાલાલજી મહારાજ

મર્યાદિત સભ્યો લેવાના હોઇ વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે.
કથા વિરામ બાદ યાત્રા પ્રવાસ
અલ્હાબાદમાં યોજાયેલ અર્ધકુંભ મેળામાં પધારેલા ભારત ભરના
તમામ સાધુ સંતોના દર્શનનો લાભ મળશે.
નૈમિષારણ્ય-ગોમતી સ્નાન, અયોધ્યા-સરયુ સ્નાન, કાશી-ગંગા સ્નાન,
સીતામઢી, અલ્હાબાદ-ત્રિવેણી સ્નાન અને ચિત્રકૂટ-મંદાકિની સ્નાન અને દર્શનનો લાભ

કથાના ખર્ચ પેટે
વ્યક્તિ દીઠ રૂા. ૮,૫૦૦/- અને સિનિયર સીટીઝન માટે રૂા. ૮,૦૦૦/- રાખેલ છે.
તારીખ ૩૧-૮-૨૦૧૮ ના રોજ ટીકીટનું બુકિંગ કરવાનું હોઇ. તારીખ ૧૫-૮-૨૦૧૮ સુધીમાં રૂા. ૪૦૦૦ એડવાન્સ પેટે
નીચેના સરનામે જમા કરાવી પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવી લેવાનું રહેશે.
વધુ વિગત માટે રૂબરૂ મળો

સંપર્ક : ૐકાર ગ્રાફીક્સ, બી-૫, શાલિન કોમ્પ્લેક્ષના
ભોંયરામાં, ૧૭/૨૨, બસસ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર
શ્રી કન્હૈયાલાલ પંડ્યા પ્લોટ નં. ૧૦૧૨/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭, ૭૭૭૯૦ ૨૮૮૨૧, ૯૮૨૪૦ ૫૯૬૩૫



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com